ધન્ય ગુરુ !
ધન્ય શિષ્ય !
જન્મજયંતી
વિશેષાંક

APRIL - 2026

વાર્ષિક લવાજમ : રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ

## ગુરુ - શિષ્ય વિશેષાંક





પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

ભાવનગર-૩૬૪ ૦૦૧

# ધન્ય ગુરુ !! ધન્ય શિષ્ય !!

## પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૩૭માં મંગલ જન્મજયંતી દિને તેમને કોટી કોટી વંદન



'હે ગુરુદેવ! આપની વાણીનો સ્પર્શ થતાં જ જાણે વિશ્વની ઉત્તમોત્તમ વસ્તુ પ્રાપ્ત થઈ ગઈ. શું હું મુક્ત થનારો છું. અરે! શાસ્ત્રોમાં જે મુક્તિનો આટલો મહિમા વખાણ્યો છે તેને આપના શબ્દ માત્રે આટલો સરળ બનાવી દીધો!'

– પૂજ્ય સોગાનીજી

(પત્રાંક – ૧૭, કલકત્તા / ૨૫-૭-૧૯૫૪)

## પૂજ્ય શ્રી સોગાનીજીની ૧૧૫ મી જન્મજયંતી પ્રસંગે કોટી કોટી વંદન!



'યે સબ રાગસે અંદર પ્રભુ ભિન્ન હૈ!' ઐસા કહા ઔર ધ્યાનમેં ચલે ગયે. યહાં રસોઈ હૈ ન રસોઈ? (સમિતિ)! સમિતિમેં ગયે ઔર શામ સે સબેરે તક ધ્યાનમેં બૈઠે! અંદરમેં ઘોલન કરતે... કરતે... કરતે... રાગસે ભિન્ન ચૈતન્યકા અનુભવ યહાં સમિતિમેં હુઆ થા. બાદમેં સારી જિંદગી બહુત અચ્છે સંસ્કાર લેકર સ્વર્ગમેં ચલે ગયે! આહા..હા...! બહુત શક્તિ થી! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' હૈ ન! ઉસમેં બહુત હૈ! ...વહાંસે નિકલકર બાદમેં દૂસરે ભવમેં કેવલજ્ઞાન પાકર મોક્ષ હો જાયેગા! ...વહાં સ્વર્ગમેં ભી આત્મામેં ઠરતે હૈં. પરંતુ થોડા રાગ હૈ તો મનુષ્યભવ પાકર, કેવલજ્ઞાન પાકર, રાગકા નાશ હોકર મુક્તિ હોગી!!

– પૂજ્ય ગુરુદેવશ્રી

(શ્રી 'સમયસાર કળશ ટીકા' કળશ ૨૧૬ના પ્રવચનમાંથી, સળંગ પ્રવચન નં. ૨૪૧)

**આવા ધન્ય ગુરુ !! ધન્ય શિષ્યને !!**

**એમના જન્મજયંતીના પાવન અવસરે 'સ્વાનુભૂતિપ્રકાશ' પરિવારના કોટિ કોટિ વંદન**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૪૦, વર્ષ–૨૮, એપ્રિલ–૨૦૨૬


## કહાનરત્ન કિરણો !!

**– અધ્યાત્મ યુગસૃષ્ટા**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**
**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**



ઓહો! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે. ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. ઓહો! આ હું? આવા આત્માના દર્શન માટે જીવે કદી ખરૂં કુતૂહલ જ કર્યું નથી. ૩૩૬.

*

પ્રશ્ન :– આત્માનો મહિમા કેવી રીતે આવે?

ઉત્તર :– આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાયક છે તે અનંતગુણનો પિંડ છે. એ આખું પૂર્ણતત્ત્વ ત્રિકાળી અસ્તિરૂપ છે. એનું સ્વરૂપ એનું સામર્થ્ય અગાધ ને આશ્ચર્યકારી છે. તેને સમજે તો આત્માનો મહિમા મહાત્મ્ય આવે અને રાગનું મહાત્મ્ય છૂટી જાય. આત્મવસ્તુ કેવા અસ્તિત્વવાળી છે, કેવા સામર્થ્યવાળી છે, એનું સ્વરૂપ રૂચિ પૂર્વક ખ્યાલમાં લ્યે તો એનું મહાત્મ્ય આવે ને રાગનું ને અલ્પજ્ઞતાનું મહાત્મ્ય છૂટી જાય. એક સમયની કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણવાના સામર્થ્યવાળી છે તે પણ ક્ષણે ક્ષણે નવી નવી થાય છે તો તેને ધરનાર ત્રિકાળી દ્રવ્યનું સામર્થ્ય કેટલું? એમ આત્માના આશ્ચર્યકારી સ્વભાવને ખ્યાલમાં બરાબર લ્યે તો આત્માનો મહિમા આવે. ૩૩૭.

*

અહો! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાયક જ છે. એ એને ભાવમાં આવે. ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું ... જ્ઞાયક છું એમ ભાવમાં આવે. જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે. ૩૩૮.



*

પ્રશ્ન :- આત્મા પામવા માટે આખો દિવસ શું કરવું?

ઉત્તર :- આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિચાર–મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો. અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે. ૩૩૯.

*

વ્યવહારનય જૂઠા અર્થને બતાવનારો હોવાથી અભૂતાર્થ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તે અભેદમાં ભેદ નથી છતાં તેને (ભેદને) વ્યવહારનય બતાવે છે. તેથી તેને જૂઠો કહેવામાં આવે છે. વ્યવહારનય ત્રિકાળી જ્ઞાયકભાવને છોડીને જ્ઞાયકભાવમાં નથી એવા ભેદને, પર્યાયને આદિને પ્રગટ કરે છે માટે અભૂતાર્થ છે. પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહીને જૂઠો કહેવામાં આવ્યો છે. ૩૪૦.

*

જેમ ધૂમાડાના ગોટા આડે ચૂલા ઉપર લાપસીનું તપેલું દેખાતું નથી તેમ પુણ્ય–પાપના ધૂમાડાના પ્રેમની આડમાં જ્ઞાયકભાવ દેખાતો નથી. પર્યાયબુદ્ધિવાળાને રાગનો રસ છે, રુચિ છે તેથી તેને અંદર જે વીતરાગમૂર્તિ સકળ–નિરાવરણ છે તે ઢંકાઈ ગયો છે. પ્રબળ કર્મના મળવાથી જ્ઞાયકભાવ તિરોભૂત થયો છે. એટલે? જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ જ છે, તે તિરોભૂત થતો નથી. પણ પ્રબળ રાગના મળવાથી એટલે કે રાગની રુચિના પ્રેમને લઈને તેને જ્ઞાયકભાવ દેખાતો નથી. તેથી તિરોભૂત થઈ ગયો છે. ૩૪૧.

*

આનંદનો ઘન પ્રભુ અને રાગ વચ્ચે સંધિ છે. નિઃસંધિ થયા જ નથી, કેમ કે ચૈતન્ય આનંદનો પ્રભુ જ્ઞાયકતત્ત્વ અને શુભાશુભરાગ એ બે ભિન્ન ભિન્ન તત્ત્વો છે. એ બે એક નથી છતાં આત્મા અને કર્મનો એટલે કે આત્મા અને રાગનો વિવેક નહીં કરનારા ભિન્ન નહીં પાડનારા શુભભાવમાં વિમોહિત થઈ ગયા છે. ૩૪૨.

*

જ્ઞાયકભાવને ને રાગને જુદા ન પાડનારા જીવો વ્યવહારથી વિમોહિત થયા છે એટલે કે શુભરાગ કરતાં કરતાં મને લાભ થશે. શુભોપયોગ તે સાધન છે ને શુદ્ધોપયોગ તે સાધ્ય છે. એમ માનનારા



રાગમાં લાભ માનતા હોવાથી, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ આત્માને અને રાગને એક માને છે. ચૈતન્યના સ્વભાવને ભૂલી જઈને રાગના કર્તૃત્વમાં દોરાઈ જવાથી રાગથી વિમોહિત થયેલાઓ, પર્યાયમાં જે અનેકરૂપ વિશ્વરૂપ ભાવો પ્રગટ છે તે રૂપે આત્માને અનુભવે છે. ૩૪૩.

*

જ્ઞાયક ધ્રુવ નિત્યાનંદ પ્રભુને દેખનારાઓ ભૂતાર્થદર્શીઓ છે. પણ શાસ્ત્રને દેખનારા કે એક સમયની પર્યાયને દેખનારાઓ ભૂતાર્થદર્શી છે – એમ કહ્યું નથી. પૂર્ણાનંદના નાથ પ્રભુને પોતાની બુદ્ધિથી એટલે કે સ્વચૈતન્ય તરફ વળેલી જ્ઞાનદશારૂપ મતિજ્ઞાન વડે ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે અને રાગ આકુળતા સ્વરૂપ છે એમ બેનો વિવેક કરીને – ભેદવિજ્ઞાન કરીને અંતરના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકને આવિર્ભૂત કરીને આત્માને જ્ઞાયકપણે અનુભવે છે. ૩૪૪.

*

અખંડ આનંદનો નાથ પ્રભુ છે તેને જાણ્યા વિના ગુણ-ગુણીના વિકલ્પમાં મગ્ન છે તે વ્યવહારમાં મગ્ન છે. જ્ઞાન છે તે આત્માનું છે એમ લક્ષણલક્ષ્યના વિકલ્પમાં રોકાયો છે ત્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે. સંસારના પાપના ભાવમાં કે દયા દાન આદિના ભાવમાં રોકાયો છે એ તો ક્યાંય રહ્યો પણ લક્ષણ-લક્ષ્યના ને ગુણ-ગુણીના વિકલ્પમાં રોકાયો છે ત્યાં સુધી તે વ્યવહારમાં મગ્ન છે. ૩૪૫.

*

રાગદ્વેષનો વિકારભાવ, રાગદ્વેષની પરિણતિ તે દુઃખ છે. તેનાથી મુક્ત થવા ઈચ્છતા મોક્ષાર્થી પુરુષે સૌ પ્રથમ શું કરવું? – કે આત્માને જાણવો. એ તો ચૈતન્યરત્નાકર છે. ચૈતન્યરત્નોથી ભરેલો આત્મા છે, વિકારની વૃત્તિ તેનાથી ભિન્ન છે. પુણ્ય-પાપના વિકારથી ભિન્ન થઈને સૌ પ્રથમ જાણનાર સચ્ચિદાનંદપ્રભુને જાણવો. ૩૪૬.

*

મોક્ષાર્થી પુરુષ એટલે?-કે અનંત અનંત સુખની પ્રાપ્તિ અને અનંત દુઃખના વ્યયનો અર્થી. પરમ આનંદના લાભનો અર્થી પુરુષ કે જે જગતની આબરૂ, કીર્તિ, પૈસા કે સ્વર્ગનો અર્થી નથી તે મોક્ષાર્થી છે. જે એકમાત્ર પૂર્ણાનંદની પ્રાપ્તિ અને રાગદ્વેષના દુઃખના વ્યયનો અર્થી છે તે મોક્ષાર્થી છે. ૩૪૭.

*



પહેલામાં પહેલી ક્રિયા શું?-કે સર્વ પ્રકારે ભેદજ્ઞાનમાં પ્રવીણતા કરવી તે પ્રથમ ક્રિયા છે. દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ છે. પણ વર્તમાન પર્યાયમાં રાગાદિને મિશ્રિત કર્યા છે. તોપણ ભેદજ્ઞાનની પ્રવીણતાથી, રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે. એમ બે વચ્ચે પ્રજ્ઞાછીણી મારવાથી ભિન્નતા અનુભવી શકાય છે. ૩૪૮.

*

એ રીતે સર્વ પ્રકારથી ભેદજ્ઞાનની પ્રવીણતાથી શું થાય છે?- કે 'આ અનુભૂતિ છે તે જ હું છુ' પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે તે હું નથી એમ આત્મજ્ઞાન થાય છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભવ થતાં આ અનુભૂતિ તે જ હું છું એમ સમ્યગ્જ્ઞાન થાય છે. ૩૪૯.


*

આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે, પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી, તેથી મૃત્યુ પહેલા આત્મકલ્યાણનું આ કાર્ય કરી લે. ૩૫૦.

*

સમ્યગ્દર્શનનું લક્ષણ શું કહ્યું?- કે ભેદજ્ઞાનની પ્રવીણતાથી આત્મજ્ઞાન વડે આત્માને જેવો જાણ્યો છે તેવો જ પ્રતીતિમાં આવવો તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે, જ્ઞાનમાં પૂર્ણાનંદ અભેદ અખંડ આત્માનું જ્ઞાન થતાં જેવો આત્મા જાણ્યો એવી જ પ્રતીતિ થતાં સમ્યક્શ્રદ્ધાન ઉદ્યોત થાય છે. ૩૫૧.

*



પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી. કેમ?- કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી પરદ્રવ્યોની સાથે એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી. ૩૫૨.

*

ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે કે રાગાદિ તું નથી તેથી ત્યાંથી દૃષ્ટિ હટાવ અને ધ્રુવમાં દૃષ્ટિ લગાવ.

કેમકે સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે અસ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર ન થઈ શકે. ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી. તેથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર થાય છે. એટલે કે સમ્યગ્દર્શન થાય. – એમ શાસ્ત્ર ગુરૂ દિશા દેખાડે પણ કરવાનું તો એણે પોતે છે. એ સિવાય જન્મ-મરણના અંત નહીં આવે. ૩૫૩.

*

(પાના નં ૧૯ થી આગળ... )

ભિન્ને–ભિન્ન છે. અહીં તો એમ છે. એટલે જે જુદું છે એને વિષે હરખ–શોક કરવાનો ઘટતો નથી. જે અશરણ છે, અસાર છે–સારભૂત નથી અથવા જે સુખસ્વરૂપ નથી અને જે અનિત્ય છે એવા પદાર્થની પાછળ પડીને તારા હાથમાં શું આવવાનું છે? બાર ભાવનામાં આવો પ્રશ્ન ઊઠાવે છે. જે અનિત્ય છે, અસાર છે, અશરણભૂત છે અને સુખસ્વરૂપ નથી એવા પદાર્થોની પાછળ લાગી–લાગીને તારા ચૈતન્યની ગુણ–સંપત્તિને હાનિ થાય છે. તારે શું મેળવવાનું છે? હાનિ થાય છે, કાંઈ મેળવવાનો તો પ્રશ્ન રહેતો નથી. એ બધાં પ્રકારના સમાધાન લઈને સમ્યક્દૃષ્ટિનું પરિણમન છે. એ બાર ભાવના કહો, અનેક પ્રકારના બહારના તમામ પડખાંના જે ન્યાયો છે એનો સરવાળો પરિણમનમાં ચાલે છે. ન્યાય વિચારવા બેસવું પડતું નથી, ન્યાયના વિકલ્પ કરવા બેસવું પડતું નથી. એનું પરિણમન જ છે. એટલે એ બધું રસ વિનાનું, રસ–કસ વિનાનું, *'રસ વિના...'* રસ–કસ વિના(નું લાગે છે.)

જે મિથ્યાત્વ અવસ્થામાં ભર્યું–ભર્યું લાગે છે એ જ બધું સમ્યક્ અવસ્થામાં ખાલી–ખાલી લાગે છે – આટલો ફેર છે. માણસ શું કહે છે? કે, આ ઘર ભર્યું–ભર્યું લાગે છે. 'ગુરુદેવ' બહુ કાઠિયાવાડી ભાષામાં બોલતા 'કહળ્યું કુટુંબ!' શું? 'કહળ્યું કુટુંબ' કહેતા. સારું એવું વિસ્તાર પામેલું, ખામી ન હોય, એમ. દીકરાંનું પ્રમાણ, દીકરીઓનું પ્રમાણ, ભાઈઓનું પ્રમાણ, બહેનોનું પ્રમાણ... બધું આમ સપ્રમાણ હોય, સારું એવું હોય. જેને એમ કહીએ કે, કુટુંબનો વડલો સરખો જામેલો છે, તો 'કહળ્યું કુટુંબ' (છે) એમ કહે. (અહીંયાં) કહે છે કે, એ તને ભર્યું–ભર્યું લાગે છે, જ્ઞાનીને એ શૂન્ય–ખાલીવત્ લાગે છે, ક્યાંય હું નથી. મારાથી એ બધું શૂન્ય છે અને એમાં મારો ક્યાંય સદ્ભાવ નથી, અભાવ છે. આ વસ્તુનું ભાન છે તે એને ક્યાંય ખોટો રસ ઉત્પન્ન થવા દેતું નથી.

ઘણાંને એમ લાગે કે, જો જીવનમાં રસ ન હોય તો પછી એ જીવન શું કામનું? (તો કહે છે કે), ભાઈ! એને ચૈતન્યનો મહિમા અને ચૈતન્યનો નિરાકૂળ રસ, શાંત રસ, અમૃત રસ અંદરમાં રેલાય છે. એ એનું જીવન છે અને એ એનું પરિણમન છે. બહારનો બધો આકુળતાનો રસ ખલાસ થયો છે. દુઃખરસ મટ્યો છે, સુખરસ તો અંદર બરાબર પ્રગટ થયેલો છે.

(પ્રવચનાંશ...શ્રી'બહેનશ્રીનાં વચનામૃત' બોલ–૩૨, તા. ૧૬–૧૨–૮૬, પ્રવચન નં–૨૮, 'અધ્યાત્મ સુધા' ભાગ-૧, પાનું -૪૦૮,૪૦૯)

*

# અહો ! પૂજ્ય ગુરુદેવશ્રીની નિસ્પૃહતા !!

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



...ગુરુદેવમાં એ જોયું હતું. પુણ્યયોગ એટલો બધો હતો કે હજારો માણસો આવે. રાજા-મહારાજાઓ આવે, શેઠ-શેઠિયાઓ આવે. કાંઈ દરકાર નહિ. કોઈની સાથે કાંઈ લગવાડ નહિ અને એમના જ્ઞાન-ધ્યાનના સમયમાં તો કોઈ ત્યાં ફરકી શકે જ નહિ. કોક અમારા જેવા ક્યારેક જઈ આવતા હોય એ જુદી વાત છે. બાકી કોઈને આવવા ન દે ત્યાં. કોઈ ઓચિંતું આવી ગયું હોય તો એ દર્શન કરીને નીકળી જાય. કાં તો અંદર આવવા જ ન દે. કે અત્યારે એ જ્ઞાન-ધ્યાનમાં છે. પણ કદાચ આવે એમના એકાંતના સ્થાનમાં અમસ્તા બેઠા હોય ને આમ કહી દે.

દર્શન કરીને જો બેસે ને તો આમ આમ કરે. કહે નહિ. એકાંતપ્રિય હતા. એટલા લોકો આવતા હતા પણ એકાંતપ્રિય બહુ હતા. બસ, બે વ્યાખ્યાન આપી દીધા, વધારામાં તમને ચર્ચા આપી દીધી પછી શું જોઈએ? પછી કામ તો તમારે તમારાથી કરવાનું છે ને? ત્રણ કલાક આપી દઈએ પછી શું જોઈએ? પોતે પોતાનું કામ કરે કે ન કરે? કાંઈ કોઈની સાથે લગવાડ નહિ. અને કોઈ ગમે તેટલું દાન આપે તો એનું એવું કાંઈ consideration નહિ, કોઈ દિ' એની પ્રશંસા નહિ. આ ભાઈ બહુ દાન આપે છે એવું નહિ. નહિતર એક-બે પાર્ટી એવી હતી ને દરેક પ્રભાવનાના કાર્યમાં સારું એવું દાન આપે અને ઊભા જ રહે. પહેલા મોખરે હોય. એણે નક્કી જ કરી રાખેલું કે ગુરુદેવથી પ્રભાવના થાય ને એમાં આપણે ખુબ સમર્પણ કરવું......

......મોખરે રહીને એવી રીતે બધા પ્રભાવનાના કાર્યમાં ઊભા રહેનારની ગુરુદેવે કોઈ દિવસ પ્રશંસા નથી કરી. આ ભાઈઓ બહુ દાન આપે છો હોં. આ લોકો પ્રભાવના બહુ કરે છે એવું કોઈ દિવસ નથી બોલ્યા. દાન આપે છે માટે રિસ્પૉન્સ આપે એમ પણ નહિ. કે ભાઈ એ દાન આપે છે ને માટે એને વધારે રિસ્પૉન્સ આપે. એમ પણ નહિ. એટલાબધા નિસ્પૃહ હતા. અને ટ્રસ્ટમાં શું કરે છે અને શું નહિ કાંઈ જોવે નહિ. કાંઈ પૂછે જ નહિ કોઈ દિવસ. કુતૂહલથી ન પૂછે કે કેટલા પૈસા ભેગા થયા છે? કાંઈ નહિ. કોકવાર કોક વાત કરી દે એ જુદી વાત છે કે કોઈએ પગમાં મોટી રકમ મૂકી દીધી હોય.

અમારે એક મારવાડી હતા. પ્રતિષ્ઠા મહોત્સવ હતો તો એક બ્રીફકેસમાં પચાસ હજારની નોટો લઈને આવ્યા. એ જમાનામાં પચાસ હજાર મોટી રકમ કહેવાય. સાહેબ! આપના ચરણે. ઑફિસમાં આપી આવો કહે. આમ કરે. એ ઓફીસમાં આપી આવો. એ હાથ પણ અડાડે નહિ. નોટોના બંડલ હતા એની અંદર. કાંઈ અસર નહિ. એટલા નિસ્પૃહ. આવે, ન આવે, કાંઈ નહિ. કોઈને કહે નહિ તમે રોકાવ. એક ટંક રોકાવ. કાલનું વ્યાખ્યાન વધારે સારું આવવાનું છે કે બપોરનું વ્યાખ્યાન વધારે સારું આવવાનું છે માટે સાંભળીને પછી જાજો એમ ન કહે. કેમકે તમારે સાંભળવાની ગરજ અને સાંભળવાની કિંમત તો તમને હોવી જોઈએ. કહેવાનું શું હોય એની અંદર? એ વૈરાગ્યની નિશાની છે.


પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભાઈશ્રી

(પ્રવચનાંશ...શ્રી'સ્વાનુભૂતિદર્શન' પ્રશ્ન-૪૪૫,૪૪૬, તા. ૨૦-૨-૯૯, પ્રવચન નં-૩૮૭)

*

મુમુક્ષુ : 'ગુરુદેવશ્રી' તો મંત્રો આપી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી : હા! ઝેર ઉતારવાના મંત્રો જ છે, ખરેખર એમ છે. મોહનું ઝેર ઉતારી નાખે એવા આ મંત્રો છે. હિતબુદ્ધિએ કરીને બુદ્ધિમાં આટલી તૈયારી કરે કે મારે મારું હિત કરી લેવું છે એવી હિતબુદ્ધિએ કરીને આ વિષયમાં અનુસરે, આ વચનોને અનુસરે એટલે એનું હિત થાય જ થાય, ન થાય (એમ નથી). એ **guaranteed** વાત છે કે થાય જ થાય, ન થાય એ પ્રશ્ન નથી.

(પ્રવચનાંશ...શ્રી'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧૮૦, તા.-૧૭-૮-૧૯૮૭, પ્રવચન નં-૧૩૫, 'અધ્યાત્મ સુધા' ભાગ-૫, પાના નં-૨૫૦)

*

મુમુક્ષુ : આ કાળમાં તો 'ગુરુદેવશ્રી'એ બતાવ્યું. મોટો ઉપકાર!

પૂજ્ય ભાઈશ્રી : એ તો એક મોટી આશ્ચર્યની ઘટના થઈ છે. કાળ એટલો હીણો છે; એવા હીણા પરિણામવાળા જીવો અહીંયાં હોય છે, આવે છે કે આવા મહાપુરુષ ભાગ્યે જ એ બધાની વચ્ચે હોય શકે, છતાં નસીબદાર આપણે છીએ. ખરેખર તો નસીબદાર આપણે છીએ કે, એ આપણી વિદ્યમાનતાના કાળમાં પ્રત્યક્ષ સત્ સમાગમનો અવસર મળી ગયો.

(પ્રવચનાંશ...શ્રી'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧૬૬, તા.-૧૮-૭-૧૯૮૭, પ્રવચન નં-૧૨૨, 'અધ્યાત્મ સુધા' ભાગ-૫, પાના નં-૧૧)

*



## પૂજ્ય બહેનશ્રીના હૃદયમાંથી વહેલા
## ગુરુ ગુણ સંભારણાં



શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની પૂજ્ય ગુરુદેવની શક્તિ કોઈ અજબની હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતાં ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે આ તો શું શ્રુતસાગર ઊછળ્યો છે! આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા! જાણે કે સાંભળ્યા જ કરીએ. અનુભવરસથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભુક્કા ઉડાડી દે તેવી દૈવી તેમની વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઊતરીને જીવંત રહી, ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે આ મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે. ૬૮.

*

ગુરુદેવનો તો પરમ ઉપકાર છે. દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમાપૂર્વક ચૈતન્યની પરિણતી અંદરથી પ્રગટ કરવી જોઈએ, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયકનો પુરુષાર્થ અને તેની સ્વાનુભૂતિ જ પ્રગટ કરવા જેવી છે. તેનો નિરંતર અભ્યાસ, તેની લગની અને તેનો વારંવાર પ્રયત્ન કરવો જોઈએ, ગુરુદેવે તો ચારે પડખેથી માર્ગ બતાવ્યો છે. એટલો ચોખ્ખો કરીને બતાવ્યો છે કે ક્યાંય ભૂલ રહી ન જાય. પણ પુરુષાર્થ તો પોતાને કરવાનો છે. ૬૯.

*

ગુરુદેવ તો સહજ પ્રતાપી પુરુષ હતા, તેમના પ્રતાપે ચારે બાજુ સ્વાનુભૂતિના મીઠા સૂર વાગતા હોય છે. અહીં ચારે બાજુ ગુરુદેવની શીતળ છાયા છવાઈ ગઈ છે, અહીં તો ભગવાનની જિનેન્દ્ર મંદિરોની અને ગુરુદેવની મંગળ છાયામાં જીવન વીતે છે. જગતમાં આવા ગુરુદેવનું સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. ગુરુદેવ જ્યાં વિચર્યા તે ભૂમિ મળવી મુશ્કેલ છે. ગુરુદેવનું સાન્નિધ્ય અને તેમની મંગલ પ્રભા જ્યાં પથરાઈ હોય તે બધું મળવું મુશ્કેલ છે. સમ્યક્‌માર્ગપ્રકાશક કૃપાળુ ગુરુદેવનો અપાર ઉપકાર છે. ૭૦.

*



ગુરુદેવે ફરમાવ્યું છે કે એક જ્ઞાયકને ઓળખો. ગુરુદેવે ઘણું સંભળાવ્યું છે, હું શું બોલું? ગુરુદેવનો પરમ ઉપકાર છે, આ ભરતક્ષેત્રમાં ચૈતન્યનું બધું સ્વરૂપ ગુરુદેવે સમજાવ્યું છે.આ પંચમકાળની અંદર આ વિષમ કાળમાં ગુરુદેવનો જે જન્મ થયો તે મહાભાગ્યની વાત છે. ગુરુદેવે અહીંયાં પધારીને 'ચૈતન્ય કોઈ અપૂર્વ છે' એમ તેની અપૂર્વતા બતાવી, તે તરફ અંતરદૃષ્ટિ કરવા સમજાવ્યું તે ગુરુદેવનો પરમ-ઉપકાર છે. ૭૧.

*

પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન અને તર્કસંગત ન્યાય એટલા બધા રસકસથી ભરપૂર કે તે સિવાય બીજું બધું તદ્દન ફીકું ફીકું જ લાગે એટલે મને અંદરથી બીજે ક્યાંય રસ પડતો જ નહીં. આમાં જ જીવન વણાઈ જાય. પૂજ્ય ગુરુદેવશ્રીની અંતરના તળને સ્પર્શતી વાણી બીજે ક્યાંથી હોય? તેમની ભાષા પણ જાણે જુદી જ લાગે. એકની એક ગાથા પણ જ્યારે સાંભળીએ ત્યારે નવા નવા ભાવ, નવી નવી સ્પષ્ટતા જ નીકળ્યા કરે. ૭૬.

*

પૂજ્ય ગુરુદેવની ગાજતી વાણી; એ દિવ્યધ્વનિ વર્ષોનાં વર્ષો સુધી વરસાવી તેના જેવું બીજું ક્યું સૌભાગ્ય! જીવોને દ્રવ્યદૃષ્ટિ મળી. બધા જીવો ક્રિયામાં પડ્યા હતા ત્યાંથી અહીંયાં લાવ્યાં. આ તરફ તારાં નેત્રો ખુલ્લાં કરીને જો. આ તરફ વળી જા. આ એક જ કરવાનું છે. ત્યાં જ પહોંચવાનું છે. તારી પાસે જ છે. ક્યાંય ગોતવા જવું પડે એમ નથી. તું જ છો.... એ કેવો રત્નાકર છે એ બધું બતાવ્યું. દ્રવ્ય ઉપર બધાંને પહોંચાડી દીધાં.... સૌની શક્તિ પ્રમાણે સૌ કરે છે. ૭૭.

*


('ગુરુ-ગુણ-સંભારણાં' માંથી સાભાર ઉદ્ધૃત)

## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (એપ્રિલ-૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
સ્વ. શ્રી ડોલરરાય જમનાદાસ હેમાણી, (પુના) ની
પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને
આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# ધન્ય ગુરુ !! ધન્ય શિષ્ય !!





## શિષ્યરત્ન પુરુષાર્થમૂર્તિ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજી પ્રતિ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રમોદપૂર્ણ આશીર્વચન !!

શશીભાઈ! આ તમારા (દ્વારા સંકલિત) ઓલા લખાણ – પુસ્તકમાંથી (‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’) આ બધું કાઢ્યું છે – વિરોધ કર્યો છે, લ્યો! ‘લાલભાઈ’ અને આ બે ભેગા થઈને લખ્યું છે કે નહિ? ઈ પુસ્તક – આ ‘સોગાની’નું ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’! દિયા હૈ કિ નહિ? દિયા હૈ. ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’! ઈ આ બે ભેગા થઈને લખ્યું છે. આ (‘શશીભાઈ’) અને ‘લાલચંદભાઈ’. એમાં એ વાંચીને એને (સરદાર શહેરવાળાને) ધડાકા લાગ્યા! આ વળી કોણ નીકળ્યું? કે, અમને દુઃખ લાગે છે, ભઠ્ઠી લાગે છે! હવે આવું! બાપુ! જ્યાં સુધી પર્યાયમાં વીતરાગતા નથી ત્યાં સુધી વીતરાગી પર્યાયનો અંશ પણ છે અને રાગનો અંશ પણ છે. એક પર્યાયના બે ભાગ છે. એટલે દુઃખ વેદે છે. કેમકે બંધનના નિમિત્તરૂપે ભાવ એ રાગ અને દોષ હોય શકે. આહા..હા...! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ દુઃખરૂપ છે, બંધનું કારણ થાય છે ને? બંધનું કારણ થાય છે ને! બંધનું કારણ એ ધર્મ થાય?

(‘શ્રી સમાધિતંત્ર’ શ્લોક–૧૦૦, તા. ૧૦–૮–૭૫, પ્ર.–૧૧૫, ૩૪:૩૦ મિનિટે)

‘ચક્રવર્તી છ ખંડને નથી સાધતા, અખંડને સાધે છે.’ ‘સોગાની’માં (–‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માં) છે ને?



(શ્રી 'નિહાલચંદ્રજી સોગાની') સમકિત અહીં ('સોનગઢ'માં) પામ્યાં હતાં. અહીં અમારી પાસે આવ્યાં. અન્યનો-બાવાનો - બધાંનો અભ્યાસ ઘણો કર્યો. શાસ્ત્રનો અભ્યાસ કરતાં કરતાં પણ ક્યાંય પત્તો ન લાગ્યો, તો અહીંયાં આવ્યાં. આવ્યા તો (મેં) એટલું કહ્યું - ભાઈ! આ વિકલ્પ જે દયા-દાન આદિના ઉઠે છે તેનાથી પ્રભુ! તો અંદર ભિન્ન છે. આહા...હા...! 'સોગાની!' તેમનું 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'! ...એ ઓરડામાં, અહીં રસોડામાં (-સમિતિના ઓરડામાં) આત્મધ્યાનમાં સમકિત થયું. (મેં) એટલું કહ્યું કે : 'રાગથી ભિન્ન પ્રભુ અંદર છે.' તો આખી રાત-સાંજથી સવાર સુધી ધ્યાન લગાવ્યું. રાગથી ભિન્ન, રાગથી-વિકલ્પથી ભિન્ન કરતાં કરતાં સવાર પડ્યાં પહેલાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન લઈને ઉઠ્યા! ઘણી શક્તિ હતી... ઘણી! આખરમાં શાંતિથી દેહ છોડીને સ્વર્ગમાં ચાલ્યાં ગયાં.

(શ્રી 'સમયસાર' શ્લોક-૩૨૦, તા. ૩૦-૦૭-૭૯, 'પ્રવચન નવનીત' ભાગ-૧, પાનું-૨૩૦)

...ભાઈમાં આવે છે નહિ? 'સોગાની'માં! 'સોગાની'માં એક લેખ છે કે, 'મહારાજે કહ્યું એ મેં કર્યું છે. હવે મારે બીજાને કહેવાનું કંઈ (નથી).' (કોઈએ એમ કહ્યું કે) 'આ તમે (ગુરુદેવશ્રીને) કહો.' (તો એમણે કહ્યું) 'એ કોઈ મારો સ્વભાવ નથી. એવું મારા ભાવમાં નથી.' છે ને? એમાં ક્યાંક છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં! 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં છે ને? ભાઈ! કે, 'તમે મહારાજને જઈને કહો ને!' (તો કહ્યું) કે, 'એ ભાઈ મારા સ્વભાવમાં છે નહિ. એવું લક્ષ કરીને જાઉં એ મારામાં છે નહિ.' આ..હા..હા...! છે ક્યાંક, 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં!

જિજ્ઞાસા : જાવું એ ઠીક કે ન જાવું એ ઠીક?

સમાધાન : જાવા ન જાવાની વાત જ ક્યાં છે? એ પોતે જાણ્યું એ જાણ્યું. એ હવે એને બીજાને-બીજાને બતાવીને કામ શું છે કે મેં જાણ્યું છે!


જિજ્ઞાસા : ગુરુનો ઉપકાર માનવા તો જાવું જોઈએ!

સમાધાન : ઉપકાર એ તો વ્યવહાર-વિકલ્પ આવે. એટલે ઈ તો કીધું ને કે, અહીં થયું ત્યારે નિમિત્તનો ઉપકાર છે એમ કહેવામાં આવે.


('પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૪૨૮, તા. ૩૧-૧-૭૯, પ્ર. નં.-૧૭૯, ૩૬:૧૦ મિનિટે)

('ધન્ય પુરુષાર્થી' માંથી સાભાર ઉદ્ધૃત)

# દ્રવ્યદૃષ્ટિ અને ગુરૂભક્તિનો સમન્વય શ્રી સોગાનીજી !!



– સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



'સોગાનીજી'એ indirect speech માં એક બહુ સારી વાત કરી છે કે, પહેલાં એમ લાગતું હતું કે, મોક્ષ તો બહુ મોટી વાત છે, મોક્ષ પામવો એ તો બહુ મોટી વાત છે. 'ગુરુદેવ'ની ભક્તિ કરતાં-કરતાં, મહિમા કરતાં-કરતાં (કહે છે કે) હે 'ગુરુદેવ' આપના વચનો સાંભળ્યા પછી મોક્ષની વાત તો સાવ સાધારણ થઈ ગઈ છે! કેમકે મોક્ષ તો હું પામવાનો છું. મોક્ષ પામવો એમાં શું મોટી વાત છે! એ તો એક સમયની પર્યાય છે, એની તો સામું જોવા કોણ તૈયાર છે? આવી સહજ વાત કરી નાખી. કેવી રીતે કરી નાખી? કે, મૈં ભગવાન હૂં, મૈં ભગવાન હૂં... એમ પર્યાય છે એ ભગવાનનું નિજ ભગવાનનું - ભજન કરવા લાગી એમાં મોક્ષની વાત તો સાધારણ થઈ ગઈ! આ મોક્ષની આવી મોટી હાઉ જેવી દેખાતી વાત આટલી બધી સામાન્ય થઈ જશે એ કલ્પના નહોતી. એવા ભાવમાં એ વાક્યો લખ્યા છે, બહુ ભાવવાહી લખ્યા છે! તમારા વચનોનો ચમત્કાર તો જુઓ! એમ કરીને ત્યાં ખરેખર તો એમણે ભક્તિ કરી છે અને અનેક જગ્યાએ જ્યાં-જ્યાં સિદ્ધાંતની અને મૂળ દ્રવ્યની એમણે વાત કરી છે એ વાત કરતાં કોઈ વાર આગળ તો કોઈ વાર પાછળ 'ગુરુદેવ'ને નામે એ વાત એમણે ચડાવી દીધી છે. આમ 'ગુરુદેવ' કહે છે અથવા 'ગુરુદેવ'થી આ વાત આમ મળી છે, 'ગુરુદેવે' જે કહ્યું એનો સાર મેં આમ લીધો છે. એમ કરીને વાત ત્યાં ચડાવી દીધી છે. એમ કુદરતી એ બધાં પત્રોની અંદર ભક્તિપૂર્વક જ એ બધી વાત આવી છે. આવી છે પરમ શુદ્ધ નિશ્ચયની વાતો આવી છે. ભક્તિ અને વિનય અસાધારણ! પરમ વિનય અને પરમ ભક્તિ સાથે એ બધું પ્રતિપાદન થયું છે. હવે એમને તો તે 'દી ખબર નથી કે, આ પત્રો પુસ્તકારૂઢ થશે. થોડાંક તો એમણે ફાડી નાખ્યા! ખબર પડી કે આ પત્રો રાખ્યા છે, સાચવ્યા છે તો ફાડી નાખ્યા! આ શું? કાગળો રાખીને આ બધું ચર્ચા ને આ બધું શું માંડ્યું છે ? ખબર પડી કે આ કાગળો ઉપર ચર્ચા ચાલે છે તો થોડાંક હાથમાં આવ્યા ઈ ફાડી નાખ્યા. આ બધી ચર્ચા કરી-કરીને આ બધું શું બહાર પાડવું છે? બહાર પડવા માટે એ પહેલેથી જ એટલા દૂર ચાલતા હતા. લખતી વખતે એવી તો ખબર પણ નહોતી કે, આ પુસ્તકારૂઢ થશે. પણ

એમની વાણીમાં કુદરતી જેટલો જોરથી નિશ્ચયનો વિષય બહાર આવ્યો છે એટલી જ ભક્તિ સાથે-સાથે બહાર આવી ગઈ છે. આ એક સંકેત કરે છે કે, (અંતરંગ અધ્યાત્મ) દશા અને ભક્તિને સાથે રહેવાની કેવી કુદરતી પરિસ્થિતિ હોય છે! એ નિશ્ચયની સાથેનો એટલો સુમેળ છે.

(પ્રવચનાંશ...શ્રી'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૩૦, તા. ૧૪-૧૨-૮૬, 'અધ્યાત્મ સુધા' ભાગ-૧, પ્ર. નં.-૨૬, પાના નં-૩૭૯,૩૮૦)

*

એક બહુ લાક્ષણિક પદ્ધતિથી 'સોગાનીજી'એ એક પત્રમાં એવું લખ્યું છે કે, હે વિકલ્પ! હવે તો તું શાંત થા. ભલે વેપારી હતા પણ એમની શૈલી લેખક જેવી હતી ! (લખે છે કે) હે વિકલ્પ! તું શાંત થઈ જા એટલે તું મરી જા એમ કહે છે. અને જો તારે શાંત ન થવું હોય, છતાં તારે જીવવું હોય તો મને શ્રીગુરુના ચરણમાં લઈ જા. શું કીધું? હે વિકલ્પ! (જો) તારે જીવવું હોય તો તું મને સદ્ગુરુ-શ્રીગુરુના ચરણમાં લઈ જા. નહિતર શ્રીગુરુએ એવું શસ્ત્ર મને આપ્યું છે કે તારું મોત થઈ જશે. તું નહિ જીવી શકે. તારે હજી થોડુંક જીવવું હોય તો હજી એક સ્થાન છે, એટલો રસ્તો છે, એટલી જગ્યા છે કે, તું મને શ્રીગુરુના ચરણમાં લઈ જા. બીજો વિકલ્પ તો તું થઈશ જ નહિ એમ કહે છે. બહુ નિશ્ચયપ્રધાન ભાષા હતી, દૃષ્ટિનું જોર પણ ઘણું હતું. તોપણ ભક્તિ એવી જ આવી છે! આ એક વિશેષતા છે! એમનાં પત્રોમાં આ ઘણી વિશેષતા છે.

(પ્રવચનાંશ...શ્રી'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧૮, તા. ૫-૧૨-૮૬, પ્ર. નં.-૧૮, 'અધ્યાત્મ સુધા' ભાગ-૧, પાના નં-૨૪૮,૨૪૯)

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૧૫ માં જન્મજયંતી મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીની આગામી ૧૧૫ મી જન્મજયંતી તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા.૨૫-૦૪-૨૦૨૬ થી તા.૨૭-૦૪-૨૦૨૬ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઊજવવામાં આવશે.


આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઊજવવામાં આવશે.

તા.૨૭-૦૪-૨૦૨૬, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતી દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગમાં સર્વ મુમુક્ષુ-ભાઈબહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે.

આયોજક : શ્રી સત્સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર

# અખંડના સાધક !!



**પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની પ્રત્યે હૃદયોદ્ગારો !!**

**- પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન**



'નિહાલભાઈ'એ તો તત્ત્વની વાત ચોખ્ખે–ચોખ્ખી ખુલ્લી કહી દીધી છે. શુભભાવમાં, ભક્તિમાં, ક્રિયામાં તેનાથી લાભ માને તેવો કાળ નથી. અત્યારે તો કોઈ પુણ્યથી ધર્મ માનતા નથી. ક્રિયાકાંડ ધર્મનું સાધન નથી. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે તત્ત્વની ધૂન જામી છે. (તા. ૪-૯-૭૪)

*

પ્રશ્ન : પૂજ્ય 'નિહાલભાઈ' કહે છે કે ષટ્આવશ્યક નહિ પણ એક આવશ્યક છે?

ઉત્તર : ક્રિયાકાંડ, ઉપવાસ, વ્રત, તપ તેનાથી સામાન્ય જીવો માનતા હોય કે એનાથી (ધર્મ) થઈ ગયો તો તે વાત ખોટી છે. આવશ્યક એક છે એમની તેમની ધૂનમાં સંધિ કરી છે. બધું કર્યું તેથી વધુ લાભ થયો તેમ નથી. અંદરમાં જો કાંઈ ન થાય ને શાસ્ત્ર સ્વાધ્યાયાદિ કરે તો નુકસાન નથી પણ તેની માન્યતામાં એમ આવે કે થઈ ગયું તો નુકસાન છે. કંઈ થતું નથી ને બધું છોડી દે તો નકામું છે, ખરું તો અંદર કરવાનું છે. 'પૂજ્ય ગુરુદેવે' ભેદજ્ઞાનનો માર્ગ સ્પષ્ટ કર્યો છે. આ તો ભેદજ્ઞાન... ભેદજ્ઞાન... તેની સમજણનો કાળ આવ્યો છે.

*

'નિહાલભાઈ'ની કથન શૈલીની ભાષા કડક હોય પણ વસ્તુસ્થિતિ તો બરાબર કહી છે. તેઓ કેવા દેખાતા, કોઈનો ખાસ પરિચય નહિ, બોલવાનું ઓછું તેથી બીજાને બહારથી ખ્યાલ ન આવે. તેમની અંતરની પરિણતિ જુદી હતી. જીવના અંતરના પરિણામ બહારથી કળી શકાતા નથી. તેઓએ વસ્તુસ્થિતિ સત્ય કહી છે. માર્ગ સત્ય કીધો છે તે ગ્રહણ કરવો જોઈએ.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં કહ્યું છે ને...!? 'પર્યાય મારું ધ્યાન કરે તો કરો, મૈં કિસકા ધ્યાન કરું' આ બરાબર કહ્યું છે. દ્રવ્યને ક્યાં ધ્યાન કરવાનું છે? વાસ્તવિક સ્થિતિ તો વસ્તુની એમ છે, જેમ છે તેમ કહે છે. કોઈને ભાષા કડક લાગે તો શું થાય? અંતરની પરિણતિ જુદી જ હતી.

* ('ધન્ય પુરુષાર્થી' માંથી સાભાર ઉદ્ધૃત)



## પૂજ્ય સોગાનીજીના શ્રીમુખેથી વહેલા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેના હૃદયોદ્‌ગારો

મહારાજશ્રી, ચિન્મય, ભવ્ય દિવ્યમૂર્તિ, ગરજતી હુઈ દિવ્ય મૂર્તિ, પરમ કૃપાલુ, પરમ પૂજ્ય, પરમ અદ્‌ભુત, જીવન ઉદ્ધારક, જન્મ-મરણરૂપી રોગસે રહિત કરનેવાલે યોગીરાજ, અનાદિ અનંત આયુકે ધારક ચૈતન્ય, પરમ કૃપાલુ ઉપકારી, સર્વશ્રેષ્ઠ નેતા (મોક્ષમંડલીકે), મુક્તિદૂત, અલૌકિક સત્પુરુષ, પૂજ્ય પરમોપકારી, હે ભગવાન, પરમ પૂજ્ય મહાન યોગી, આત્મરસસે ઓતપ્રોત વક્તા, હે પ્રભો, સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ, જ્ઞાનાનંદી ગઢ, વીતરાગ પ્રધાની, જ્ઞાન-આનંદકી ખાન, અપૂર્વ સત્પુરુષ, અલૌકિક પૂજ્ય, સર્વસ્વકે દેનેવાલે, પરમ ઉપકારી, પરમનિર્ભય સિંહસ્વરૂપ, તીર્થંકરસે ભી અધિક સત્પુરુષ, મુક્તિનાથ, પરમ પિતાશ્રી.

## પૂજ્ય સોગાનીજીનો ભક્તિસભર પત્ર

(પત્રાંક-૪)

કલકત્તા

૨૧-૬-૧૯૫૨


આત્માર્થી... પ્રત્યે નિહાલચંદ્રના ધર્મસ્નેહ.

આપનું કાર્ડ અજમેર થઈને અહીં આવ્યું, કારણકે આજકાલ હું વિશેષ કરીને અહીં જ રહું છું. યોગ કંઈક એવો જ છે કે આર્થિક સંબંધની અપેક્ષાએ પ્રત્યક્ષ રીતે મારો ધાર્મિક સંગ આ સમયે દૂર જેવો થઈ રહ્યો છે અને હું ઘણા સમયથી સોનગઢ આવી શક્યો નથી. એ કહેવું નિરર્થક છે કે અહીં હોવા છતાં અંતરંગમાં એવો કોઈ દિવસ નહીં હોય કે મને ત્યાંનાં સંસ્મરણો આવતાં ન હોય. 'પૂજ્ય ગુરુદેવ'નું સ્મરણ આ સમયે પણ આવી રહ્યું છે અને આંખમાંથી ગરમ આંસુ વહી રહ્યાં છે કે તેમના સંગમાં રહેવાનું થતું નથી. તેમની અસંગરુચિનો (અથવા સ્વસંગનો) ઉપદેશ કાનમાં ગૂંજી રહ્યો છે અને તેની રમણતાથી જ અહીંની ઉપાધિઓ ઢીલી સરખી બની રહે છે. એ દિવસની પ્રતીક્ષામાં છું કે, ક્યારે એ ગર્જતી દિવ્યમૂર્તિનાં ચરણોમાં જલદી હું પોતાને પામું!

આશા રાખું છું કે, આપની પરિણતિ સ્વસ્થ હશે. 'પૂજ્ય ગુરુદેવ'નાં ચરણોમાં મારા સાદર ભક્તિપૂર્વક નમસ્કાર અને બધા ભાઈઓને ધર્મસ્નેહ.

ધર્મસ્નેહી

નિહાલચંદ્ર સોગાની



## – પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી

**રાજહૃદય !!**

પત્રાંક–૪૦૦

મુંબઈ, શ્રાવણ વદ, ૧૯૪૮

તે પુરુષ નમન કરવા યોગ્ય છે,
કીર્તન કરવા યોગ્ય છે,
પરમપ્રેમે ગુણગ્રામ કરવા યોગ્ય છે,
ફરી ફરી વિશિષ્ટ આત્મપરિણામે ધ્યાવન કરવા યોગ્ય છે,
કે
જે પુરુષને દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી
કોઈ પણ પ્રકારનું પ્રતિબદ્ધપણું વર્તતું નથી.

આપનાં ઘણાં પત્રો મળ્યાં છે. ઉપાધિજોગ એવા પ્રકારે રહે છે કે તેનાં વિદ્યમાનપણામાં પત્ર લખવા યોગ્ય અવકાશ રહેતો નથી, અથવા તે ઉપાધિને ઉદયરૂપ જાણી મુખ્યપણે આરાધતાં તમ જેવા પુરુષને પણ ચાહીને પત્ર લખેલ નથી; તે માટે ક્ષમા કરવા યોગ્ય છો.

ચિત્તને વિષે જેવું આ ઉપાધિયોગ આરાધીએ છીએ ત્યારથી મુક્તપણું વર્તે છે, તેવું મુક્તપણું અનુપાધિપ્રસંગમાં પણ વર્તતું નહોતું; એવી નિશ્ચળદશા માગશર સુદ ૬ થી એકધારાએ વર્તી આવી છે.

તમારા સમાગમની ઘણી ઈચ્છા રહે છે, તે ઈચ્છાનો સંકલ્પ દિવાળી પછી 'ઈશ્વર' પૂર્ણ કરશે એમ જણાય છે.

મુંબઈ તો ઉપાધિસ્થાન છે, તેમાં આપ વગેરેનો સમાગમ થાય તોપણ ઉપાધિ આડે યથાયોગ્ય સમાધિ પ્રાપ્ત ન હોય, જેથી કોઈ એવું સ્થળ ધારીએ છીએ કે જ્યાં નિવૃત્તિ જોગ વર્તે.

લીમડી દરબાર સંબંધી પ્રશ્નોત્તર અને વિગત જાણી છે. હાલ 'ઈશ્વરેચ્છા' તેવી નથી. પ્રશ્નોત્તર માટે ખીમચંદભાઈ મળ્યા હોત તો યોગ્ય વાર્તા કરત. તથાપિ તે જોગ બન્યો નથી, અને તે હાલ ન બને તો ઠીક, એમ અમને મનમાં પણ રહેતું હતું.

આપનાં આજીવિકા સાધન સંબંધી વાર્તા લક્ષમાં છે, તથાપિ અમે તો માત્ર સંકલ્પધારી છીએ. ઈશ્વરઈચ્છા હશે તેમ થશે. અને તેમ થવા દેવા હાલ તો અમારી ઈચ્છા છે.


પરમપ્રેમે નમસ્કાર પહોંચે.

**પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વ કાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.**

– શ્રીમદ્ રાજચંદ્ર (પત્રાંશ–૮૩૩)

## હે જીવ ! વાસ્તવિકતામાં આવી જા !


– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



આ ભાવના આવે છે ને? બાર ભાવના! એક અશરણભાવના આવે છે એમાં એવી એક વાત છે કે, જે પદાર્થો તને શરણભૂત નથી; મૂળ તો જીવ પરપદાર્થનો શું કરવા આશ્રય લે છે? કે, આ મને એક ઓથ છે. પૈસાની મને ઓથ છે, સગાં-સંબંધીની ઓથ છે, ઘર-મકાન, આબરૂની મને ઓથ છે. તો કહે (છે કે) મૃત્યુનો સમય આવ્યો, હવે તને શું શરણ થયું? કે, કોઈ પદાર્થ તને શરણભૂત નથી. ક્યારે? મૃત્યુ આવે ત્યારે શરણભૂત નથી? પહેલેથી જ શરણભૂત નહોતા. પણ એનું મને શરણ છે, એની ઓથ અને આશ્રય છે એવું માનતા મૃત્યુ ટાણે તને આઘાત આવે છે. એનો આઘાત લાગે છે. શેનો આઘાત છે? મૃત્યુનો આઘાત છે? નહિ. તેં આશ્રય લીધો છે એનો આઘાત છે, ખરેખર તો એમ છે. જે ઓથ લીધી છે એનો આઘાત છે. જ્ઞાનીઓને કાંઈ નથી. એ તો સમજે છે કે, આ કપડાં બદલ્યા. જેમ જૂના વસ્ત્રો જર્જરિત થાય છે, જીર્ણ થાય છે તો માણસ હોંશથી નવા વસ્ત્રો પહેરે છે. આ ફાટી ગયા, હવે ઘસાઈ ગયા છે, છોડી દ્યો. નવા સારાં બનાવીને પહેરો. તો એમાં કાંઈ રોવા લાગે છે કે, અરે..રે..રે...! મારા વસ્ત્રો ઘસાઈ ગયા. એ સમજે છે કે, આ પર્યાય પૂરી થવાનો અવસર થયો, શરીર જર્જરિત થયું અથવા વગર જર્જરિત (હોય તોપણ) એ પર્યાયનો અવસર પૂરો થયો. નવું વસ્ત્ર આવશે, ન તો જૂના છોડવાનો ખેદ હોવો ઘટે છે, ન તો નવા અંગીકાર કરવાનો હરખ થવો ઘટે છે. કેમકે બન્ને તારાથી

(અનુસંધાન પાના નં ૦૭ પર.. )


**'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' (હિન્દી) નવી આવૃત્તિ જિજ્ઞાસુઓ માટે નિઃશુલ્ક ભેંટ**




પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજીના ૧૧૫માં મંગલકારી જન્મોત્સવની ખુશાલીમાં વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, દ્વારા પ્રકાશિત ગ્રંથ

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' (હિન્દી)

પ્રાપ્તિ માટે...

– સંપર્ક –

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

શ્રી નીરવ વોરા, મો : ૯૮૨૫૦ ૫૨૯૧૩

***REGISTERED NO. : BVHO - 261 / 2024-2026***
***RENEWED UPTO : 31/12/2026***
***R.N.I. NO. : 69847/98***
Title Code : GUJGUJ07425
***Published : 10th of Every month at BHAV.***
***Posted at 10th of Every month at BHAV. RMS***
***Total Page : 20***




... દર્શનીય સ્થળ ...

## 'ગુરુ ગૌરવ'

સોનગઢ


સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

**સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913**


If undelivered please return to ...


**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001



Printed Edition : **1190**
Visit us at : http://www.satshrut.org


mayur process 9374825041